# ઉત્થાન


પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

(Accredited By NAAC : 'B+' Grade)

**વર્ષ-૧૦** સપ્ટેમ્બર-ડિસેમ્બર-૨૦૧૯ * વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- * છૂટક નકલ રૂા. ૫/- **સળંગ અંક : ૬૧**



**તંત્રી શ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોશી

**મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઇ પારેખ (ગ્રંથપાલ)
ડૉ. કે. આર. વણકર
પ્રો. બી.ડી. જોશી
ડૉ. ગિરીશ ચૌધરી
ડૉ. અલ્પેશ પ્રજાપતિ

**વિદ્યાર્થી સંપાદકો :**
સંજય એમ. ઠાકોર
રાજેશ કે. પરમાર
સોની અર્થકુમાર ડી.
મિત પટેલ
ખલીફા મુસ્કાન એમ.
રાઠોડ મહેન્દ્ર

**ફોટોગ્રાફર**
શ્રી રાજુ એસ. પરમાર



**પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,
પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મું. પેટલાદ-૩૮૮ ૪૫૦.
જી. આણંદ - ગુજરાત
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬



Website :
www.petladcollege.org.in
Email :petladartsandscience@gmail.com


તંત્રી સ્થાને...

## કર્તવ્યની કેડી કંડારીએ...

મિત્રો, કર્તવ્ય વિશે આપ સૌ જાણો જ છો પણ ઘણી વખત કર્તવ્ય સંદર્ભે આપણી સ્થિતિ ''ભારવેલો અગ્નિ'' જેવી થતી હોય છે માટે કર્તવ્યપરાયણતાની ભાવના વિશે આપ સૌને સંકોરવાના આશયથી હું મારા થોડા વિચારો પ્રસ્તુત કરું છું.

કર્તવ્ય એટલે આપણી નૈતિક ફરજ કે આપણું નૈતિક કર્મ. ભારતીય સંસ્કૃતિનો મૂળ મંત્ર જ છે ધર્મ. ધર્મ એટલે આપણી નૈતિક ફરજો. સાંપ્રત સમયમાં સંઘર્ષનું એક માત્ર કારણ છે અકર્તવ્યપણું અને અધિકારો બાબતે સભાનતા. અધિકારની બીજી બાજુ કર્તવ્ય છે. સૌ કોઇ કર્તવ્ય અંગે જાગૃત બને તો સંઘર્ષને નિવારી શકાય છે. કર્તવ્યપરાયણતા જ જીવનની આધારશિલા છે. જીવનની જુદી જુદી સ્થિતિ અને યુગ પ્રમાણે કર્તવ્યના ખ્યાલ જુદા હોઇ શકે પરંતુ જે કાર્યથી સ્વથી લઇને સમસ્ત સૃષ્ટિનું શુભ થાય, કલ્યાણ થાય એવી ભાવનાથી થતું કાર્ય એટલે કર્તવ્ય. જે દેશમાં અને સમાજમાં આપણે જન્મ્યા છીએ તેને અનુરૂપ આદર્શો અને પ્રવૃતિઓને દ્રષ્ટિમાં રાખીને આપણને ઉન્નત, અભિજાત અને ઊર્ધ્વગામી બનાવે એવાં કાર્યો કરવાં એ આપણું કર્તવ્ય છે. રાષ્ટ્ર, સમાજ, સંસ્થા અને જીવન પ્રત્યેનાં આપણાં અનેક કર્તવ્યો છે જે સારી રીતે અદા કરીએ તો ઉન્નતિનો માર્ગ અનાયાસે જ રચાતો જશે.

શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે કર્તવ્યપાલન ખૂબ જરૂરી છે. કર્તવ્ય એક એવો આદર્શ છે જે વ્યકિતને સફળતા અને શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે. એક વિદ્યાર્થી તરીકે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવી હોય તો વિદ્યાર્થી જીવનનાં બધાં જ કર્તવ્યો નિષ્ઠા અને પ્રામાણિકતાથી નિભાવવાં પડે. આ વાત શિક્ષક, વૈજ્ઞાનિક, વેપારી, ખેડૂત.... દરેકને લાગુ પડે છે. જે વ્યકિત ઉચ્ચ ધ્યેય સાથેનું જીવન જીવે છે તેના રોજિંદા જીવનવ્યવહારમાં કર્તવ્ય ભાવના અખંડપણે વહ્યા કરે છે. આ જગતમાં ડોકિયું કરીશું તો તરત જ જણાશે કે તેમની સફળતામાં નિષ્ઠા અને પ્રામાણિકપણે બજાવેલાં કર્તવ્યનો સિંહફાળો રહ્યો છે. માટે પ્રામાણિકતા અને નિષ્ઠા કર્તવ્યપ્રતિષ્ઠાની પારાશીશી છે. કર્તવ્ય પરાયણતાની ભાવનાથી કરેલાં કાર્યો વ્યકિતને મહાનતા તરફ દોરી જાય છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, સ્વામી વિવેકાનંદ, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ...જેવાં અનેક વ્યકિતત્વો આના ઉત્તમ દ્રષ્ટાંતો છે. પ્રખર વિચારક ખલીલ જિબ્રાન કર્તવ્યને 'પ્રેમ' જેવું ગણાવે છે તો ગીતાકાર કર્મસિદ્ધાંતમાં અનાસકતભાવે થતાં કર્મને ભકિતનું સ્વરૂપ ગણાવે છે. કદાચ વ્યકિત પોતે મહાન નથી પણ એમનું કર્તવ્ય મહાન છે. શ્રેષ્ઠ વિચારોથી પ્રેરિત કર્તવ્ય વ્યકિતને શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે. પદ અને સત્તાથી મળેલી પ્રતિષ્ઠા આજીવન ટકતી નથી પણ કર્તવ્યપરાયણતાથી મળેલી પ્રતિષ્ઠા આજીવન ટકે છે.

ઈ.સ. ૨૦૨૦નું નૂતન વર્ષ શરૂ થઇ રહ્યું છે ત્યારે કર્તવ્યની કેડી કંડારવા કૃતનિશ્ચયી બનીએ. મને શ્રદ્ધા છે તમે કંડારેલી કર્તવ્યની કેડી અન્યોને પ્રેરણા આપશે અને તમે કંડારેલી

**- પ્રિ. ડૉ. વિમલ જોશી**

# ઈન્ટરનેટ અને સમાજ



વૈશ્વિકીકરણને લીધે વિજાણુક્રાંતિ આવી છે. અને બહું જ મોટા પ્રમાણમાં ઈન્ટરનેટનો ઉપયોગ થઇ રહ્યો છે. આથી વિશ્વના કોઇપણ ખૂણાના વ્યકિત સાથે સંપર્ક સરળ અને ઝડપી બની રહ્યા છે. શાળા-કોલેજ અને વ્યવસાયિક ક્ષેત્રમાં ટેકનોલોજી જેમકે મોબાઈલ, કોમ્પ્યુટર, પેન ડ્રાઇવ, ઇન્ટરનેટ, ફેક્સ અને ઇ-મેઇલ જેવા સાધનો દ્વારા કામ ઝડપી બની રહ્યા છે. આધુનિક ટેકનોલોજી વિકાસ માટે અનિવાર્ય છે, પણ તેનો અતિઉપયોગ એ વ્યકિત અને સમાજ માટે ખતરારૂપ છે. અણુજગતથી વધુ વિષમય સાયબર જગત છે. વિશ્વમાં ધીમે-ધીમે સાયબર ક્રિમીનલ્સની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. સાયબર ક્રાઇમના ગુનેગાર વધારે શિક્ષિત, કોમ્પ્યુટરના જાણકાર, ઘાતકી હથિયારો વાપર્યા વિના માત્ર કોમ્પ્યુટરના સાધન વડે અનેક ક્રાઇમ આચરે છે.

- પ્રત્યેક પ્રકારનો સાયબર ક્રાઇમ એ વિચલિત વર્તન છે. સમાજ પર તેની વિપરીત અસર પડે છે.

-સાયબર ક્રાઇમમાં હેકિંગ-કેકિંગ સૌથી સંવેદનશીલ અને ભયાનક ગણી શકાય. આમાં ઇન્ટરનેટથી સંવેદનશીલ માહિતીવાળી વેબ સાઇટને એકસેસ કરાય છે. કોઇ વ્યકિતના પાસવર્ડનો ઉપયોગ કરવો, ક્રેડીટ કાર્ડનો નંબર જાણી લાખો રૂપિયાની ખરીદી કરી લેવી આ બધી ગેરકાયદેસર પ્રવૃત્તિ છે.

- આ એક ઇલેક્ટ્રોનિક્સ ડિજિટલ ગુનો બને છે, જેમાં વ્યકિતગત નાગરિકત્વ, બીજા દેશ સાથેના સંબંધો કાયદાકીય રીતે થાય છે જે દેશની સામાજિક-આર્થિક સુરક્ષાને અસર કરે છે.

- વ્યકિત બદનામ થાય છે. એનું બ્લેક મેઇલીંગ થાય છે.

- જે લોકો કલાકોના કલાકો કોમ્પ્યુટર સામે બેસી રહે છે. તેઓ એકલતાનો અનુભવ કરે છે.

- અત્યારે હાલમાં મોબાઇલમાં ગુગલ પ્લે અને ફોન પે જેવી એપ્લીકેશન દ્વારા ઓનલાઇન ગમે તે પેઇમેન્ટ કરી શકાય છે. પરંતુ આ બધી એપ્લીકેશનમાં આપણે આપણા એટીએમનો પાસવર્ડ નાંખવો પડે છે. એટલે જો કોઇ આ બધી એપ્લીકેશન દ્વારા આપણો પાસવર્ડ જાણી જાય તો તરત જ તે આપણું એકાઉન્ટ ખાલી શકી શકે છે.

- આમ, સાયબર ક્રાઇમથી સમાજના લોકો ઉપર સામાજિક અસરો પડે છે. અને સાથે-સાથે શારિરીક અસરો પણ પડે છે.

- સાયબર ક્રાઇમની પાછળ પ્રેરણાત્મક પરિબળોની નોંધ લેવી જોઇએ તેમજ માતા-પિતાએ બાળકો કોમ્પ્યુટર અને ઇન્ટરનેટનો કેવો ઉપયોગ કરે છે તેની સંપૂર્ણ કાળજી રાખવી જોઇએ.

- આમ સાયબર ક્રાઇમનું નિવારણ એક કરતાં વધુ લોકોના સહયોગથી તેમજ બુદ્ધિપૂર્વક રીતે જ થઇ શકે. તેમજ સાયબર ક્રાઇમથી થતાં નુકસાન અંગે સમાજમાં જાગૃતિ લાવવી જરૂરી છે. જો આમ કરવામાં નહિ આવે તો સમાજમાં જે ગતિએ વિકાસ અને પ્રગતિ થઇ રહી છે એટલી જ ગતિએ વિનાશ પણ થઇ શકશે જેથી સાયબર ક્રાઇમને રોકવો જ રહ્યો.

- રબારી કલાવતી એ.
રોલ નં. ૪૪ એમ.એ. : સેમ-૬ (સમાજશાસ્ત્ર)

## ત્રિપલ તલાક અને મહિલાઓ ....

ત્રણ તલાક કાયદાના પાસાઓ :- ભારતમાં મુસ્લિમ મહિલાઓ માટે ખૂબ જ અગત્યનું ત્રિપલ તલાક અંગેનું બિલ ૩૦ જુલાઇ ૨૦૧૯ ના રોજ ભારતની રાજ્યસભામાં પસાર થયું. આ અગાઉ ૨૫ જુલાઇ, ૨૦૧૯ ના રોજ આ બિલ ભારતની લોકસભામાં પણ પસાર થઇ ગયું. લોકસભા અને રાજ્યસભા એમ બંનેમાં આ બિલ કેન્દ્ર સરકારના કાયદા મંત્રી શ્રી રવિશંકર પ્રસાદે રજૂ કર્યુ. રાજ્ય સભામાં આ બિલની તરફેણમાં ૯૯ અને તેની વિરુદ્ધમાં ૮૪ મત પડયા. લોકસભામાં આ બિલ ૩૦૩ વિરુદ્ધ ૮૨ મતોથી પસાર થયું. આ બિલનું નામ : ''The Muslim Women (Protection of Rights on marriage) Bill 2019'' અથવા તો મુસ્લિમ મહિલા લગ્ન અધિકાર સંરક્ષણ ખરડો ૨૦૧૯ છે.

- આ બિલ પસાર થયા બાદ પીડિત મહિલાઓને હવે પોતાને તથા સગીર બાળકોને માટે ભરણ પોષણ મળી રહેશે.

- ત્રિપલ તલાક અંગેના બિલની મુખ્ય જોગવાઇઓ : (૧) ભારતમાં કોઇપણ સ્વરૂપે એટલે કે મૌખિક-લેખિત કે ઇ-મેઇલ, મેસેજ કે વોટસએપ જેવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપે કે અન્ય કોઇ પણ રીતે બિન કાયદાકીય કે કોર્ટની કાર્યવાહીને અનુસર્યા વગર અપતાના ત્રિપલ તલાક ગેરકાયદે ગણાશે. (૨) ત્રિપલ તલાકની મદદથી કોઇ મુસ્લિમ પતિ પોતાની પત્નીને છૂટાછેડા આપે તો તે માન્ય ગણાશે નહિ. (૩) પત્નીની ફરિયાદ બાદ જો પતિ દોષિત ઠરે તો તેને મહત્તમ ત્રણ વર્ષની કેદ તેમજ દંડ થશે. (૪) આ પ્રકારના કેસમાં મહિલા પોતે અથવા તેની લોહીની સગાઇમાં આવતા પરિવારજનો ફરિયાદ કરશે ત્યારે જ કેસ દાખલ થઇ શકશે. પડોશી કે અન્ય કોઇ અજાણી વ્યકિત કેસ દાખલ કરાવી શકશે નહિ. (૫) આ કેસમાં જો મહિલા મેજીસ્ટ્રેટ સમક્ષ સમાધાનનો પ્રસ્તાવ મૂકે અને પતિ-પત્ની સમાધાન માટે સંમત હોય તો જ આ પ્રકારના કેસમાં મેજીસ્ટેટ દ્વારા મુકાયેલ ઉચિત શરતો ઉપર સમાધાન થઇ શકશે. (૬) આ ગુનો બિન જામીનપાત્ર ગણાશે. જોકે મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તો પતિને જામીન આપી શકશે. (૭) આ કેસમાં મેજીસ્ટ્રેટ પત્નીનો પક્ષ સાંભળ્યા પછી જ વ્યાજબી આધારો પર પતિને જામીન પર મુકત કરી શકશે. મેજીસ્ટ્રેટ પાસેથી ત્યારે જ જામીન મળી શકશે જયારે પતિ પત્નીને ભરણ-પોષણ આપવા તૈયાર થાય. (૮) પીડિત મહિલા સાથે બાળક હશે તો તેને ભરણ-પોષણનો ખર્ચ પણ પતિએ આપવાનો રહેશે. પત્ની અને બાળકોના ભરણ પોષણની શરતો મેજીસ્ટ્રેટ નકકી કરશે. જેનું પતિએ પાલન કરવાનું રહેશે. (૯) ભરણપોષણ એવી પરિસ્થિતિમાં પણ મળશે જયારે કોઇ પતિ પોતાની પત્નીને તલાક આપ્યા વગર જ ઘરમાંથી કાઢી મૂકે. (૧૦) તલાકના કિસ્સામાં નાના બાળકોની કસ્ટડી માતાને આપવાની રહેશે.

- ૨૨ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ સુપ્રિમ કોર્ટ મુસ્લિમ સમાજમાં ચાલી આવતી ત્રિપલ તલાક અથવા તો તલાક-એ-બિલતની પ્રથા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. સુપ્રીમ કોર્ટના તત્કાલિન ચીફ જસ્ટીસ શ્રી જસ્ટીસ ખંડરના વડપણ હેઠળની પાંચ જજની બેન્ચે ત્રણ વિરુદ્ધ બેથી આ ચુકાદો આપ્યો હતો.

- નોંધ : ઇન્દોરના શાહબાનો પહેલા મુસ્લિમ હતા કે જેમણે ત્રિપલ તલાકને સૌ પ્રથમ વખત અદાલતમાં પડકાર્યો હતો.

- રબારી મલાભાઇ ડી., બી.એ., સેમ-૫, રોલ નં. ૮૫ (સમાજશાસ્ત્ર)

# ત્રિપલ તલાકની સમાજ પર અસરો...

સામાન્ય રીતે કોઇપણ વસ્તુ/વ્યકિત કે કાયદો મુખ્યત્વે બે પ્રકારનો હોય છે. તેની સમાજ પર ઘણી અસરો થતી જોવા મળે છે.

ત્રિપલ તલાકની ભારતીય સમાજ પર સામાજિક અને આર્થિક બે પ્રકારની અસરો જોવા મળે છે. મુસ્લિમ સમાજમાં પુરુષ એકથી વધારે ાથે લગ્ન કરી શકે છે. તલાક થાય ત્યારે બાળકનાં ભરણ-પોષણની જવાબદારી અને સ્ત્રીની ખાધા-ખોરાકની જવાબદારી તેના પતિને ારા સોંપવામાં આવે છે. પહેલાનાં સમયમાં વ્યકિત કોઇપણ નશાની હાલતમાં કે ઝઘડાનાં કારણે પત્નીને તલાક આપી દેતો હતો. પણ ા નિયમ બંધ કરવામાં આવ્યો છે. હવે જો વ્યકિત તલાક આપવાનું વિચારે એ પહેલાં તેમને ૩ મહિનાનો સમય આપવામાં આવે છે. અને ામનામાં કોઇ પણ જાતનો સુધારો ના આવે ત્યારે તેમનો તલાક મંજૂર કરવામાં આવે છે. હવેની હાલત એવી છે કે વ્યકિત કોઇ પણ ના-નાની બાબતમાં તલાક આપવાનું વિચારે તો તેને ૩ વર્ષની સજા કોર્ટ દ્વારા કરવામાં આવે છે.

(૧) કુટુંબ ભંગાણની પરિસ્થિતિ :-

ત્રણ તલાક એ મુસ્લિમ સમાજની એવી વ્યવસ્થા છે કે, જેના દ્વારા પતિ-પત્ની લગ્નનાં બંધનથી છૂટા થઇ જાય છે. કોઇપણ ચોકકસ કાનૂની નિયમના સ્થાને ત્રણ વખત તલાક બોલી છૂટાછેડા લેવાની આ વ્યવસ્થાના કારણે જે-તે કુટુંબમાં કુટુંબ ભંગાણની પરિસ્થિતિ ઊભી થયેલી જોવા મળે છે. તલાકના કારણે કૌટુંબિક જીવનમાં કે પતિ-પત્નીની વચ્ચે કંકાશ, વિખવાદ, ઝઘડા જેવી સમસ્યાઓ થાય છે. કુટુંબ ભંગાણની પરિસ્થિતિમાં માત્ર કુટુંબ જ નહીં પરંતુ બાળકોનું પણ ભંગાણ થતું જોવા મળે છે.

(૨) સ્ત્રીનાં જીવન પર અસર : -

ત્રણ તલાકએ એવી વ્યવસ્થા છે જેમાં પુરુષને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. કારણ કે આપણો દેશ એ પુરુષ પ્રધાન છે તેનાં કારણે પુરુષ ત્રણ વખત તલાક-તલાક-તલાક બોલે તો તેની પત્ની સાથે છૂટાછેડા લઇ શકે છે. પરંતુ જો સ્ત્રી તલાકનું વિચારે તો તેની અવગણના કરવામાં આવે છે. તલાક લેતી વખતે પુરુષ તેની સ્ત્રીની મરજી પૂછયા વગર તેના વાંક, ગુના વગર છૂટું આપી દે છે. મુસ્લિમ સ્ત્રીઓમાં અને તેમના જીવનમાં ત્રિપલ તલાક ખૂબ વધારે અસર ઉપજાવતો કાયદો છે. જેમાં સ્ત્રી પોતાની મરજી વિરુદ્ધ પણ તલાક સ્વીકારવા માટે મજબૂર થાય છે. અને પછી અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. સમાજમાં તેની અવગણના કરાય છે. તેનો કોઇ પણ વાક છે કે નહિ તે જાણ્યા વગર સ્ત્રીને કોસવામાં આવે છે. આનાં કારણે પછી સ્ત્રી આત્મહત્યા કરવા માટે મજબૂર થઇ જાય છે. અને તેનું જીવન ખત્મ કરી નાખે છે.

(૩) બાળકોના ભવિષ્ય પર માઠી અસરો :-

ત્રિપલ તલાકના માધ્યમ દ્વારા તલાક લેનાર પતિ-પત્નીને જો સંતાન હોય તો તે સંતાન માતા-પિતા વિહોણાં થઇ જાય છે. અને તલાકના કારણે બાળકને સરખો પ્યાર મળી શકતો નથી. બાળકનાં જીવનમાં તેનાં ઉછેરમાં માતા-પિતા બંન્નેની સરખી ભૂમિકા હોવી જરૂરી છે. ત્રિપલ તલાકના કારણે જેમ પતિ-પત્ની છૂટા પડે છે, તેનાં કારણે બાળકોની પણ વહેંચણી કરવામાં આવે છે. તે કોની પાસે રહેશે તેનો કેવા માહોલમાં ઉછેર થશે તે દરેક બાબતોનો ખ્યાલ રાખવામાં આવે છે.

(૪) સમગ્ર મુસ્લિમ સમાજ પર અસર :-

ત્રિપલ તલાક પુરુષ તરફી હોય છે. જેમાં મુસ્લિમ સમાજમાં તલાક આપતી વખતે સ્ત્રીની ઇચ્છા કે અનિચ્છાની અવગણનાથી સ્ત્રીનાં નિમ્ન સ્થાનનો નિર્દેશ કરે છે. અને સાબિત કરે છે કે, કોઇ પણ સમાજમાં સ્ત્રીનું સ્થાન હંમેશા નીચું જ દર્શાવવામાં આવે છે. તલાક આપતી વખતે વ્યકિત ત્રણ વખત તલાક શબ્દનું ઉચ્ચારણ કરે એટલે તે તેની પત્નીથી છૂટાછેડા લેતો હોય છે.

(૫) ત્રિપલ તલાકની ભારતીય સમાજ પર અસરો :-

ત્રિપલ તલાકમાં સ્ત્રી સમાજથી અને તેનાં બાળકોથી દૂર થઇ જાય છે. મુસ્લિમ સમાજમાં આ વ્યવસ્થાનાં કારણે બીજા સમાજોમાં પણ કેટલાક અંશે સ્ત્રીઓની અવગણના થતી હોય છે.

કોઇપણ સમાજમાં કોઇ પણ સ્ત્રીનું જયારે છૂટું થાય છે ત્યારે તેની સાથે તેનાં પરિવારની અને તેનાં ચારિત્ર્યની પણ અવગણના કરવામાં આવે છે. સ્ત્રીઓમાં કોઇપણ કારણ વગર પુરુષ જો તેની પત્નીને છૂટું આપે તો તે સ્ત્રીને પોતાનાં ભાઇ-બહેનની ચિંતાના કારણે કે કોઇ તેમની સાથે લગ્ન કરશે કે નહિ તેવા ડરથી તે તેના પતિનો ત્રાસ અને માર સહન કરીને પણ પોતાનું ઘર ચલાવતી હોય છે. કારણ કે તેને ખબર હોય છે કે જો મારું છૂટું થશે તો મારી બહેન સાથે કોઇ લગ્ન નહીં કરે.


આવી દરેક પસ્થિતિઓનો સામનો કરીને પણ સ્ત્રી ઘર ચલાવતી હોય છે. આથી સ્ત્રીને મા શબ્દથી સંબોધિત કરવામાં આવી છે.

- પરમાર સ્વેતા બી.

બી.એ. સેમ-૫, રોલ નં. ૧૦૧

(સમાજશાસ્ત્ર)

# ગાંધીજી અને સત્ય



આપણી ભારત માતાએ અનેક મહાન સપૂતોને જન્મ આપ્યો છે. એમાંના મહાત્મા ગાંધીજી સૌથી મહાન સપૂત ગણાય છે. કારણ કે, દુનિયાભરના મહાન પુરુષોમાં ગાંધીજીની ગણના થાય છે.

મહાત્મા ગાંધીજી બીજી ઓક્ટોબર ૧૮૬૯ ના રોજ ગુજરાતમાં પોરબંદર મુકામે જન્મ્યા હતા. એમનું નામ મોહનદાસ હતું. એમના પિતાનું નામ કરમચંદ ગાંધી હતું. એમની માતાનું નામ પુતળીબા હતું. તેઓ જ્ઞાતિએ વૈષ્ણવ વાણિયા હતા. તેમની માતા એક ધાર્મિક વિચારો ધરાવતાં સ્ત્રી હતાં. ગાંધીજીની પત્નીનું નામ કસ્તુરબા હતું. ગાંધીજીના લગ્ન માત્ર ૧૩ વર્ષની ઉંમરે કસ્તુરબા સાથે થયાં હતાં.

ગાંધીજી બીજા સામાન્ય વિદ્યાર્થી જેવા જ હતા. પરંતુ એમણે જ્યારથી સત્યવાદી રાજા હરીશચંદ્ર નાટક જોયું, ત્યારથી જ એમણે પોતાના જીવનમાં સત્યને સ્થાન આપ્યું. તેઓ સત્યને આચરતાં શીખ્યા અને પરિણામે સામાન્ય માનવી કરતાં ખૂબ આગળ વધી ગયા.

મહાત્મા ગાંધીએ પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં લીધું અને વર્ષ ૧૮૮૭ માં રાજકોટમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ભાવનગર ખાતેની શામળદાસ કોલેજમાં એડમિશન લીધું. પરંતુ પરિવારના કહેવાથી ગાંધીજીએ આગળના શિક્ષણ માટે ઇંગ્લેન્ડ જવું પડ્યું. જ્યાં તેમણે પોતાની વકીલાતનું શિક્ષણ પૂરું કર્યું. આ પછી વર્ષ ૧૮૯૧ માં ગાંધીજી બેરિસ્ટર બનીને ભારત પાછા આવ્યા. આ સમયે પાછા આવતા તેમની માતા પુતળીબાઈનું દુઃખદ અવસાન થયું હતું. આ પછી ગાંધીજીએ વકીલાતનું કામ શરૂ કર્યું. મહાત્મા ગાંધીજીની વકીલાત પણ આવા ઘાતક, કપરાં સમયમાં પણ ગાંધીજીએ હિંમત ન હારી. આ પછી ગાંધીજીએ વકીલાતનું કામ શરૂ કર્યું. મહાત્મા ગાંધીજીની વકીલાત

પણ આવા ઘાતક, કપરાં સમયમાં પણ ગાંધીજીએ હિંમત ન હારી. આ પછી ગાંધીજીએ વકીલાતનું કામ શરૂ કર્યું. મહાત્મા ગાંધીજીની વકીલાત દરમિયાન દાદા અબ્દુલ્લા એન્ડ અબ્દુલ્લા નામની મુસ્લિમ વ્યાપારિક સંસ્થાના કોઈ કેસના સંદર્ભે સાઉથ આફ્રિકા ગયા. આફ્રિકા પ્રવાસ દરમિયાન ગાંધીજીને ભેદભાવ અને રંગભેદની ભાવનાઓનો સામનો થયો.

ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં અપમાન કરીને ટ્રેનમાંથી નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. આવું થવાથી ગાંધીજીની ધીરજની સીમા તૂટી ગઈ. અને તેમણે રંગભેદની નીતિ સામે સંઘર્ષ કરવાનો નિર્ણય લીધો હતો. ૧૮૯૪ માં ત્યાંના પ્રવાસી ભારતીયો સાથે 'નાતાલ ભારતીય કોંગ્રેસ' નું ગઠન કર્યું. અને 'ઇન્ડિયન ઓપીનિયન' નામનું સમાચાર પત્ર બહાર પાડ્યું. આ પછી વર્ષ ૧૯૧૫ માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી તમામ સંઘર્ષો કરીને ભારત પાછા આવ્યા. આ સમયે આપણો ભારત દેશ અંગ્રેજોની ગુલામી સહી રહ્યો હતો. અંગ્રેજોના અત્યાચારથી ભારતની જનતા ગરીબી અને ભૂખમરાથી તડપી રહી હતી. આવા અત્યાચારો જોઈને ગાંધીજીએ અંગ્રેજો સામે લડવાનો ફેસલો કર્યો. અને અંગ્રેજો સામે વિવિધ આંદોલનો કરવા લાગ્યા. ભારતને સ્વતંત્રતા અપાવવા માટે ગાંધીજીએ સત્ય અને અહિંસાની લડત આદરી.

ગાંધીજીનું જીવન ખૂબ જ સાદાઈથી ભરેલું હતું. પોતાના દેશના લોકોને શરીર ઢાંકવા પૂરા કપડાં મળતા ન હતા એટલે ગાંધીજીએ માત્ર એક નાનકડી પોતડી જ અપનાવી હતી. ગાંધીજીએ અમદાવાદમાં પહેલા કોચરબમાં અને પછી સાબરમતી નદીને કિનારે આશ્રમની સ્થાપના કરી. તેઓ સવાર-સાંજ પ્રાર્થના કરતા. તેમને ''વૈષ્ણવજન તો તેને કહીએ...'' ભજન ખૂબ પ્રિય હતું. તેઓ દરરોજ રેંટિયો કાંતતા. તેમણે ''સત્યના પ્રયોગો'' નામની પોતાની આત્મકથા લખી છે. લોકોનું દુઃખ જોઈ તેમનું હૈયું દ્રવી ઉઠતું. તેઓ કર્મયોગી હતા, એક સંત હતા તેથી તે 'મહાત્મા' તરીકે ઓળખાયા.

ગાંધીજીએ પોતાનું જીવન જીવતાં અનેક ઉચ્ચ વિચારો અને વ્રતો પણ આપ્યા છે. તેમનું પ્રથમ મહાવ્રત છે સત્ય - હંમેશાં સત્ય વાણી વર્તન રાખવું' ભલે જાન જાય પરંતુ પોતાની સત્ય વાત ઉપર હંમેશાં અડગ બનીને રહેવું જોઈએ.

ચંપારણ આંદોલનની વાત કરીએ તો ખેડૂતો પાસેથી અંગ્રેજ સરકાર ખૂબ જ વધારે મહેસૂલ ઉઘરાવતી હતી. ખેડૂતોનું શોષણ કરતી હતી. જેથી ત્યાં ભૂખમરો અને ગરીબી હતાં. જેથી ગાંધીજીએ ચંપારણના ખેડૂતોને હક અપાવવા માટે આંદોલન કર્યું અને આ આંદોલનમાં મહાત્મા ગાંધીએ આવા અહિંસાત્મક સત્યાગ્રહને પોતાનું હથિયાર બનાવ્યું અને જીતી ગયા. અહીંયાં એમનું બીજું મહાવ્રત અહિંસા : ''કોઈને જરા પણ દુઃખ ન થવું જોઈએ આપ્યું. આમ કરવાથી લોકોમાં ગાંધીજીની એક આગવી ઓળખ સ્થપાઈ.

ખેડા સત્યાગ્રહની વાત કરીએ તો ગાંધીજી સરદાર પટેલ, મોહનલાલ પંડ્યા અને જનતાની સાથે મળીને ખેડાના ખેડૂતોનું લગાન માફ કરાવ્યું હતું. ગાંધીજીનું ત્રીજું મહાવ્રત ચોરી ન કરવી : ''કોઈ પણ કામ જૂઠું કે જૂઠું બોલીને ન કરવું''.



(અનુસંધાન પાને ૫ પર)

# સાયબર ગુનાઓ

ર જમાં સાયબર ક્રાઇમને એક રીતે મોટું દૂષણ ગુણવામાં આવે છે. આમ તો મોબાઇલ અને ઇન્ટરનેટ દ્વારા આપણને ઘણા લાભો ાય છે. તુ તેનાથી ઘણા બધા ગુનાઓ પણ આચરવામાં આવે છે. જેથી સમાજના લોકો ઉપર ખૂબ મોટી અસર પડે છે. તો સાયબર ાઇમની ાજમાં કેવી સામાજિક અસરો પડે છે તે જોઇએ.

થમ તો સાયબર ક્રાઇમથી સમાજમાં ભ્રષ્ટાચાર વધી જાય છે. કારણ કે ઇન્ટરનેટ દ્વારા લોકો એકબીજાને કોઇ વસ્તુ, મકાન કે પિયાન ઓફર આપે છે અને તેમાં માણસ સંડોવાઇ જાય છે. તેથી ત્યાં ભ્રષ્ટાચાર થયો એમ કહેવાય છે. તેથી ઘણા બધા લોકો આ ષ્ટાચા ના ભોગ બને છે.

ન્ટરનેટની જાણકારી ધરાવતા અમુક હેકર્સો ઇન્ટરનેટ પરથી ગમે તે વ્યકિતને ફોન કરે છે અને તેમની પાસે એ.ટી.એમ. ના પાસવર્ડ ાંગે . જેમ કે મને પણ એકવાર આ બાબતનો અનુભવ થઇ ગયો છે, મારી પાસે પણ આવો કોલ આવ્યો હતો અને એમને કહેતો હતો કે હું ેંક ર ફ બરોડામાંથી વાત કરી રહ્યો છું અને તમારુ એકાઉન્ટ ચાલુ રાખવું હોય તો તમારે આધારકાર્ડ નંબર લીંક કરાવવો પડશે. તો મેં મારો ાધા કાર્ડ નંબર આપ્યો પછી કહે છે કે તમારા ઘરમાં કેટલા જણનાં બેંક ઓફ બરોડામાં એકાઉન્ટ છે, પછી કહે તે બધાના આધાર કાર્ડ નંબર ા. પછી કહે બધામાં કેટલી રકમ છે, મેં કહ્યું મને બધાની નથી ખબર પરંતુ મારામાં ૪૦૦૦ રૂા. જેટલી રકમ છે. પછી તમારા એ.ટી.એમ. પરનો ત્રણ આંકડાનો નંબર આપો. પછી ધીરે-ધીરે મારી પાસે તેણે એકાઉન્ટના એ.ટી.એમ. કોડ નંબરો માંગ્યા મે કહ્યું તે મારી પાસે નથી રંતુ મારા ભાઇ પાસે છે, તરત જ મેં મારા ભાઇનો નંબર આપ્યો. તેણે મારા ભાઇને કોલ કર્યો અને તેની પાસે પણ આ રીતે બધુ માગ્યું તો ારા ભાઇએ કહ્યું સર હું હમણાં જમ્યા બાદ તમારી સાથે વાત કરું. ત્યારબાદ મારા ભાઇએ તેને સામેથી કોલ કરીને તેને મૂંઝવણમાં મૂકી દે વા પ્રશ્નો કર્યા અને કહ્યું તમે ફોન મૂકો નહીં તો પોલીસને આ નંબર આપું છું ત્યારે તેણે ફોન મૂક્યો. ત્યાર પછી મારા ભાઇએ મને પકાવીને કહ્યું આ રીતે કોલ આવે તો કંઇ પણ વિગત આપવી નહિ. અને કહે કે આવે તો પહેલા તારે મને જણાવવું. અને બેંક આવી કોઇ ાહિતી આપણી જોડે માંગતી નથી. અને તારી જાતે બેંકમાં જઇ તપાસ કરી આવી. જયારે હું બેંકમાં ગઇ અને બધી બાબત વિશે બેંકના શિયરને વાત કરી તેણે મને કહ્યું કે તમે એ.ટી.એમ. નો પાસવર્ડ આપ્યો નથી એટલે ચિંતા જેવું નથી. ત્યારે મને નિરાંત થઇ.

અત્યારે હાલમાં મોબાઇલમાં ગુગલ પ્લે અને ફોન-પે જેવી એપ્લીકેશન દ્વારા ઓનલાઇન ગમે તે પે-ટીએમ કરી શકાય છે. પરંતુ આ ધી એપ્લીકેશનમાં આપણે આપણા એટીએમનો પાસવર્ડ નાંખવો પડે છે. એટલે જો કોઇ આ બધી એપ્લીકેશન દ્વારા આપણો પાસવર્ડ ાણી જાય તો તરત જ તે આપણું એકાઉન્ટ ખાલી કરી શકે છે. તો આ બધી એપ્લીકેશનનો ઉપયોગ કરવો પરંતુ ઓછી રકમવાળા કાઉન્ટનો પાસવર્ડ કે માહિતી આપવી નહીં, નહિંતર તો આપણા આખા જીવનની કમાણી કોઇ ગાયબ કરી શકે છે.

ઇન્ટરનેટ દ્વારા કોઇ વ્યકિત કોઇ છોકરીનો વોટસ-અપ અને ેસબુક નંબર અને પાસવર્ડ જાણી લઇને તેના ખરાબ ફોટા કે વીડિયો તાવીને તેને બ્લેકમેલ કરવાની કોશિશ કરે છે અને તેને કહે છે કે તું મને ાટલી રકમ આપ નહિ તો હું તારા ફોટા અને વીડિયો વાઇરલ કરી ઇશ.

ઇન્ટરનેટ ઉપર યુટયુબ કે બીજી અન્ય એપ્લીકેશન ઉપર શ્લીલ વીડિયો બતાવવામાં આવે છે, જે નાના બાળકો અને મોટા ોકો પણ જુએ છે અને તે જોઇને તેઓ ખરાબ માર્ગે પ્રેરાય છે. જેને રિણામે સમાજમાં બળાત્કારનું પ્રમાણ વધ્યું છે.

કેટલાક બહારના દેશો દ્વારા ભારતની અંદર રહેલા વ્યકિતને કોલ રવામાં આવે અને ભારતના લોકો તે ફેક કોલની સામે કોલ કરે છે એટલે ટલા કોલનો ચાર્જીસ બહારના દેશોના લોકોમાં પડતો હોય છે.

કેટલાક બાળકોને તો તે ચાલતા પણ ન શીખ્યા હોય તેના પહેલાં મને મોબાઇલ રમવા આપી દેવામાં આવે છે. પરિણામે મોબાઇલનાં રણો બાળકોની આંખોને નુકસાન પહોંચાડે છે અને પરિણામે તે ખોના રોગોનો ભોગ બને છે.

આમ, સાયબર ક્રાઇમથી સમાજના લોકો ઉપર સામાજિક અસરો છે અને સાથે-સાથે શારીરિક અસરો પણ પડે છે.

- વણકર અર્ચનાબેન

બી.એ. સેમ-૬, રોલ નં. ૩૮ (સમાજશાસ્ત્ર)

(ગાંધીજી અને સત્ય.... પાન ૪ નું આગળ...)

ગાંધીજીને કાકાને તથા બીજાને ધુમાડા કાઢતાં જોઇને એમને પણ ફૂંકવાની (બીડી પીવાની) ઇચ્છા થઇ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠુંઠાં ફેંકી દે તે ચોરવાનું એમણે શરૂ કર્યું. પણ ઠૂંઠા કંઇ હરવખતે મળી ન શકે, અને તેમાંથી બહુ ધુમાડાયે ન નીકળે. એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડીને ગાંધીજી તેમના એક સગાની સાથે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી કયાં એ સવાલ ઊભો થયો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહીં એ ખબર હતી. જેમ તેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું. દરમિયાન સાંભળ્યું કે એક જાતના છોડ થાય છે. તેની ડાંખળી બીડીની જેમ સળગે છે, ને તે અંતે ઝેર પી મરવાનો નિર્ણય કર્યો. પણ ઝેર કયાંથી લાવવાનું ? એ પ્રશ્ન થતાં, એટલે તેમણે ધતૂરાનાં બી ખાઇને મરવાનું નકકી કર્યું. એક બે બીજ ખાધાં પછી મૃત્યુનો ભય લાગ્યો. અંતે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો નિર્ણય લીધો. ગુનો કબૂલ કરી ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા ગાંધીજીએ કરી.

- પઠાણ તસ્કીનબાનુ એમ.

બી.એ. સેમ-૬ : રોલ નં. ૫૮ (ગુજરાતી)

# ત્રિપલ તલાક અને સમાજ

ત્રિપલ તલાકના કાયદાની સામાજિક અસરો :-

- ભારતમાં ત્રિપલ તલાકનો ઉપયોગ અને સ્થિતિ વિવાદ અને ચર્ચાનો વિષય બન્યો છે.

- જો ઇસ્લામ ધર્મ સાથે જોડાયેલ કોઇ વ્યક્તિ મૌખિક રીતે અથવા પત્નીને લેખિત સ્વરૂપમાં ત્રણ વખત તલાકનો ઉચ્ચાર કરે છે, પછી છૂટાછેડા તાત્કાલિક અને અફર માનવમાં આવે છે.

- લગ્ન સમાધાન કરવાનો એક માત્ર રસ્તો નિકાહ હલાલાની પ્રથા દ્વારા કરવામાં આવે છે, જેણે સ્ત્રીને ફરીથી લગ્ન કરવા, બી લગ્ન સમાપ્ત કરવા, છૂટાછેડા લેવાની, ત્રણ મહિનાની ઇદત અવધિનું પાલન કરવું અને તેના પતિ પાસે પાછા આવવું જરૂરી છે.

સામાજિક અસરો :-

- કોઇ પણ રીતે મુસ્લિમ પતિ દ્વારા તેની પત્નીને તલાકનું ઉચ્ચારણ બોલવામાં અથવા લખેલું હોય તો તે ગેરકાયદેસર રહેશે.

- કોઇ પણ મુસ્લિમ પતિ કે જેઓ તલાક મૌખિક રીતે અથવા લેખિતમાં વાત કરે છે તેને ત્રણ વર્ષની જેલની સજા થઇ શકે છે. સ લંબાઇ પણ શકે છે.

- મુસ્લિમ પુરુષ તેની પત્નીને તલાક જાહેર કરે છે, તો પછી સ્ત્રી અને તેના બાળકો જીવનનિર્વાહ માટે ભથ્થુ મેળવવા મ હકકદાર છે.

- મુસ્લિમ સ્ત્રી તેના સગીર બાળકોની કસ્ટડીની હકકદાર છે. જો તેના પતિએ તેને તલાક ગણાવ્યો હોય તો પણ.

- છૂટાછેડાએ નાગરિક બાબત છે અને ત્રિપલ તલાક ને ફોજદારી ગુનો બનાવવો એ ગુનાહિત ન્યાયશાસ્ત્ર માટે અપ્રમાણસર છે.

- ત્રિપલ તલાક કાયદામાં રાજયસભામાંથી ૯૯ વોટ અને વિરુદ્ધમાં ૮૪ વોટ પડયા હતા. જેમાં ૩ તલાકનો કાયદો રાષ્ટ્રપતિની મ થકી પાસ થઇ ગયો. ત્રિપલ તલાકને તાત્કાલિક માન્યતાભર્યો ગુન્હો માનવાની જોગવાઇ એટલે પોલીસ વોરંટ વગર પણ ગિરફતાર કરી શકે છે.

- સુપ્રીમ કોર્ટ ત્રિપલ તલાકને ગેરબંધારણીય હોવાનો સંકેત આપીને સૂચવ્યું હતું કે માત્ર ત્રણ વખત તલાક બોલવાથી લગ્ન વિસ થતું નથી, તેના બદલે અકબંધ રહે છે.

- ભારતીય દંડ સંહિતા કલમ ૪૯૮-એ નો દુરુપયોગ કરવા જેવો જ પ્રભાવિત પુરુષોને પરેશાન કરવામાં આવ્યો, ત્રિપલ તલાક દંડની જોગવાઇ આવી સતામણીને પાત્ર બની શકે છે.

- ત્રિપલ તલાકને સમાન નાગરિક સંહિતાની સ્થાપના તરફનાં પગલાં તરીકે ગેરબંધારણીય ગણાવી પરંતુ તેને ગુનાહિત કરવા મૂળભૂત અધિકારોની કલમ એટલે કે લેખ ૨૫ અને ૨૬ ની ધર્મ સ્વંતંત્રતાની વિરુદ્ધ છે.

પત્નીઓને હવે બધા જ અધિકારો મળશે હવે નિકાહ હલાલા પ્રથા બંધ થશે.

- પહેલા મહિલાઓ ભય પામતી હતી કે તેનો પતિ તેને તલાક આપી દે પરંતુ હવે તે ભય સમાપ્ત થયો.

- ત્રિપલ તલાકના કારણે મુસ્લિમ મહિલાઓને ન્યાય મળે તે હેતુથી ત્રિપલ તલાક બિલ લાવવામાં આવ્યું છે.

- આ કાયદો લાગુ થયા બાદ મુસ્લિમ પુરુષો સામે તેનો દુરુઉપયોગ થવાની આશંકા છે. કારણ કે બિલમાં ફકત ત્રિપલ છૂટાછે સાબિત કરવાની જવાબદારી છે. જો મહિલાઓને પણ મહિલાઓ સાથે સાબિત કરવાની જવાબદારી આપવામાં આવે તો કાયદો વધુ કડક બનશે.

- તલાક એ નાગરિક બાબત છે અને ત્રિપલ તલાકને ગુનાહિત અપરાધ બનાવવું એ ગુનાહિત ન્યાયશાસ્ત્ર માટે અપ્રમાણસર છે.

- આ રીતે હવે મુસ્લિમ સમુદાયની સ્ત્રીને અનેક પ્રકારના લાભો મળશે.

- પટેલ શિવાની મુકેશ
બી.એ. સેમ-૫, રોલ નંબર
(સમાજશા

### મતદાર હવે જાગી ગયો છે....

મતદાર હવે જાગી ગયો છે,
હિસાબ મતનો માંગી રહ્યા છે.
પાંચ વરસે આવે છે આ ટાણું,
રોજ કરતાં લાગે છે જુદું ભાણું,
કિંમતના એની હોય નાણું,
લાલચની આ રીત પરખી ગયો છે.
મતદાર હવે જાગી ગયો છે.
હિસાબ મતનો માંગી રહ્યો છે.
ઉમેદવારો સૌ શીશ નમાવે,
મનમાં શું છે એ ન જણાવે
એક મતથી રાજાને હરાવે
કિંમત મતની પામી ગયો છે.
મતદાર હવે જાગી ગયો છે.
હિસાબ મતનો માગી રહ્યો છે.

-નનીશા સોલંકી
બી.એ. સેમ-૩ : રોલ નં. ૩૯ (ગુજરાતી)

### મતદાન કરો.......

મતદાન કરો રે....
સહુ મતદાન કરો.....
જાત પાતનો ત્યાગ કરો
પૂર્ણ નિષ્ઠાથી મતદાન કરો
આપણું જ છે લોકતંત્ર આ
ફરજોનું પણ થોડું માન કરો.
આળસ, લોભ, સહુ દૂર કરો...
વતન હિતનું પોતે ધ્યાન ધરો.
નાગરિક તણો આ સહુનો અધિકાર.
કર્તવ્ય પાળી દૂર કરો અંધકાર
મતના દિને આરામ ન કરો.
વતન પ્રેમી મારા મતદાન કરો.

- તળપદા અર્જુનભાઇ
બી.એ. સેમ-૩, રોલ નં. ૫૧ (ગુજરાતી)

### રાષ્ટ્ર નિર્માણ

રાષ્ટ્ર નિર્માણ એક નવો રાહ શોધું છું.....
મારા દેશને બદલવાનો માર્ગ શોધું છું.....
આ ભ્રષ્ટાચાર, બેરોજગાર દૂર કરવા ચાહું છું....
તેના માટે મહાન નેતાઓને, ચૂંટવા માંગું છું.....
કરવા આ કાર્યને સક્ષમ, નવયુવાનોને જગાડવા માંગું છું....
દેશના વિકાસ, સમૃદ્ધિ માટે, મતદાન કરવા ચાહું છું.....
થશે જાગૃત આ નવયુવાન, કરશે જો મતદાન....
તેના થકી જ તો થશે, આપણું ગામ ને શહેર શ્રેષ્ઠ....
પ્રેરાશે જો સૌ આ માર્ગ, માની પોતાની પવિત્ર ફરજ....
મ્હોરી ઉઠશે દેશનું, ભાવિ ભવિષ્ય ઉજ્જવળ.....

- ઠાકોર આરતી
બી.એ. સેમ-૩ : રોલ નં. ૫૨ (ગુજરાતી)

તા. [illegible]-૨૦૧૯ ના રોજ કોલેજના માઇક્રોબાયોલોજી વિભાગના પ્રો. [illegible] જોશીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી સેમિનારમાં ભાગ લેતા કોલેજના વિદ્યાર્થીઓ





તા. ૧૫-૮-૨૦૧૯ ના રોજ પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ, કોમર્સ તથા આર્ટસ એન્ડ સાયન્સ ત્રણે કોલેજના આચાર્યશ્રી તેમજ N.C.C. માં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવાર

તા. ૨૦-૮-૨૦૧૯ ના રોજ કોલેજના વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને IIC અંતર્ગત માર્ગદર્શન આપતા શ્રી હિતેશ મેકવાન



તા. ૨૨-૮-૨૦૧૯ ના રોજ રોજગારી ભરતી મેળામાં માર્ગદર્શન આપતા આણંદ જિલ્લા રોજગાર નિયામકશ્રી



તા. ૨-૯-૨૦૧૯ ના રોજ સ્વામિ સચ્ચિદાનંદ પ્રા. શાળા, દંતાલીના વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકોને પ્લાસ્ટિક મુક્તિ વિશે માહિતી આપતા કોલેજના N.S.S. ના વિદ્યાર્થીઓ







તા. ૯-૧૦-૨૦૧૯ ના રોજ કોલેજના શરદોત્સવ મહોત્સવમાં મસ્ત બની ગરબે ઝુમતા કોલેજના વિદ્યાર્થીઓ



તા. ૨-૧૦-૨૦૧૯ રોજ ગાંધી જયંતી મહોત્સવમાં ભાગ લેતા N.S.S. ના શિબિરાર્થીઓ, નગરપાલિકાનાં ચીફ ઓફિસર શ્રીમતી હિરલબેન અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. અલ્પેશ પ્રજાપતિ તથા પ્રો. સોનલબેન ગજ્જર




તા. ૫-૧૦-૨૦૧૯ ના રોજ ભારત સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ હેઠળ ભીના કચરા વ્યવસ્થાપન પ્લાટનું લોકાર્પણ કરતા માન. શ્રી જયદ્રથસિંહ પરમાર (મા. પર્યાવરણ મંત્રીશ્રી) તથા કોલેજના N.S.S.ના વિદ્યાર્થીઓ



તા. ૧૯-૧૧-૨૦૧૯ ના રોજ સ્ટાફ મિટીંગમાં મેન્ટરીંગ અંગે માહિતી આપતા ડૉ. ઉદય વ્યાસ.



સોલંકી સંજયકુમાર એન. તથા ચૌહાણ દિલીપકુમાર એન. ઓલ ઈન્ડિયા વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈને પેટલાદ કોલેજને ગૌરવ અપાવ્યું. (ડૉ. મહેન્દ્રસિંહ મંડોરા અને પ્રિ. ડૉ. વિમલ જોશી)



તા. ૪-૧-૨૦૨૦ ના રોજ પેટલાદના પ્રાંત અધિકારી શ્રીમતી મનિષાબેન બ્રહ્મભટ્ટ અને નાયબ મામલતદાર શ્રી વિપુલભાઈ પારેખની અધ્યક્ષતામાં મતદાતા કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રાસંગિક પ્રવચન કરતા પ્રિ. ડૉ. વિમલ જોશી









તા. ૩-૧-૨૦૨૦ ના રોજ પેટલાદ તાલુકાના શાહપુર ગામે N.S.S. ગ્રામ વિકાસ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શકિત દ્વારા સમાજમાં ઊંચા શિખરો સર કરી, તેમનાં સ્પંદનોને સ્પર્શ કરતા મેગેઝિન તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. મેગેઝિનમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઇ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે કે વિચાર્યું છે તેને તેઓએ પોતાના શબ્દોમાં વ્યકત કરવા પ્રત્યનો કર્યા છે. આ 'ઉત્થાન' મેગેઝિન દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઇ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઇ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે અથવા

Email ID - petladartsandscience@gmail.com મારફતે મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To

From :
આચાર્યશ્રી
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ – ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Email ID - petladartsandscience@gmail.com